# કોંગ્રેસ દ્વારા ચૂંટણી માટેના ઉમેદવારોના માપદંડો દૂર

અમદાવાદ,તા. ૫

કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઇ તેના ઉમેદવારો માટેના જે માપદંડ-ક્રાયટેરિયા અગાઉ જે નક્કી કરાયા હતા, તે આખરે દૂર કરાયા છે, હટાવાયા છે. આમ કરી કોંગ્રેસ પક્ષ દ્વારા ટિકિટવાંચ્છુ ઉમેદવારોને બહુ મોટી રાહત આપવામાં આવી છે, જેને લઇ ઉમેદવારોમાં ખુશીની લાગણી ફેલાઇ છે. દિલ્હી ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની સાથે ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોની મળેલી બેઠકમાં આ મહત્વનો નિર્ણય કરાયો હતો. બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોને પ્રાધાન્યતાના ધારણે ટિકિટ આપવાનું પણ ઠરાવાયું હતું. ટૂંક સમયમાં જ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટી દ્વારા ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસના જે ૪૩ ધારાસભ્યો કે જેઓએ રાજયસભાની ચૂંટણી વખતે પક્ષ સાથે વફાદારી રાખી કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલને જીતાડયા હતા, તેઓએ ચિંતા કરવાની કોઇ જરૂર નથી. આ ૪૩ ધારાસભ્યોની સીધી ટિકિટ નક્કી જ છે એટલે કે, તેઓને રિપીટ કરાશે તેમાં કોઇ શંકા નથી. આ તમામ ધારાસભ્યો જીતે તેવા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉમેદવારોના મુદ્દે કેટલાક માપદંડો હતા તે આખરે દૂર કરાયા છે. જેમાં બે ટર્મ ચૂંટણી હારેલાને ટિકિટ નહી અપાય, ૨૦ હજાર મતોથી હારેલા ઉમેદવારોને ટિકિટ નહી અપાય, ૭૦ વર્ષથી મોટી ઉંમરના ઉમેદવારોને ટિકિટ નહી અપાય જેવા જે માપદંડો હતા તે પુખ્ત વિચારણાના અંતે દૂર કરાયા છે. કોંગ્રેસપક્ષ દ્વારા જે ઉમેદવારો જીતી શકે તેવા હશે તેવા તમામને કોઇપણ બાધ વિના ટિકિટની ફાળવણી કરવામાં આવશે. આગામી વિધાનસભા ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોને પક્ષ દ્વારા પ્રાધાન્યતાના ધોરણે ટિકિટોની ફાળવણી કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં બે દિવસ સુધી કોંગ્રેસ પક્ષની સ્ક્રીનીંગ કમીટીની બેઠકોનો દોર ચાલ્યો હતો અને સ્ક્રીનીંગ કમીટીના નેતાઓએ ગુજરાત કોંગ્રેસના ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ-આગેવાનોને સાંભળ્યા હતા. ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર કોંગ્રેસના કયા ઉમેદવારોને ઉભા રાખવા અને કયા મતવિસ્તારમાં કઇ જાતિનું વર્ચસ્વ છે અને ત્યાં કયા ઉમેદવારને વિજયી બનાવી શકાય સહિતના મુદ્દાઓ પર મહત્વની ચર્ચા વિચારણા હાથ ધરાઇ હતી. જો કે, તમામ બેઠકોના નામો હજુ સુધી નક્કી થઇ શકયા નથી. અગાઉ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ તા. ૩જી ઓકટોબર સુધી કોંગ્રસના ૯૦ ઉમેદવારોના નામો જાહેર કરવાની વાત ઉચ્ચારી હતી પરંતુ નામો પર મંજૂરીની મ્હોર નહી વાગતાં હજુ સુધી તેની કોઇ અધિકૃત જાહેરાત શકય બની નથી.

**બે ટર્મ ચૂંટણી હારી ચુકેલા, ૨૦ હજાર મતથી હારી ચુકેલ, ૭૦ વર્ષથી મોટી ઉંમરના ઉમેદવારો માટે માપદંડો દૂર**





મહાઆરતી : જિલ્લાના અંબાપુર ગામે આસો સુદ ચૌદશના ગરબાની પરંપરા છે. અંબાપુરવાસીઓ દૂર દૂરથી પોતાના ગામમાં આવી માતાજીની આરાધના કરે છે. આખું ગામ એક સાથે મા ના ગરબા ગાય છે. ગરબા પહેલા યોજાતી મહાઆરતી અલૌકિક વાતાવરણ સર્જે છે. અંબાપુરના ગરબા માણવા આસપાસના ગ્રામજનો પણ મોટી સંખ્યામાં ઉમટે છે.

# જીએસટીનો અમલ દોઢ વર્ષ માટે મોકૂફ રાખો: શંકરસિંહ

## કાયદા લોકોને ગળેટૂંપો દેવા માટે નહી પણ પ્રજાના કલ્યાણ માટે હોય : બાપુના ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો

ગાંધીનગર,તા. ૫

કોંગ્રેસ સાથે છેડો ફાડી જનવિકલ્પ મોરચાનું નેતૃત્વ સંભાળનાર પીઢ નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપ સરકાર અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપ અને કેન્દ્રની મોદી સરકારને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, જન વિકલ્પના નેજા હેઠળ મેં છેલ્લા ૧૩ દિવસમાં રાજયભરમાંછ હજાર કિલોમીટરનો રાજયમાં પ્રવાસ કર્યો અને છેવાડાના માનવીને રૂબરૂ મળ્યો ત્યારે મેં અનુભવ્યું કે, લોકો બહુ દુઃખી છે, ત્રસ્ત છે. મહિલાઓ, ખેડૂતો, બેરોજગાર યુવાઓ બધાની હાલત કફોડી છે. જીએસટીથી વેપારીઓ આત્મહત્યા કરવા પ્રેરાયા છે તો લાખો કારીગરો બેકાર થઇ ગયા છે. નોટબંધીએ પણ ઈન્ફ્રાસ્ટ્રકચર અને કન્સ્ટ્રકશન સહિતના સેકટરને તોડી નાંખ્યા છે. લોકો ભિખારી બની જાય અને આપઘાત કરવા પ્રેરાઇ જાય એટલી હદ સુધીનો ત્રાસ ના ગુજારો. માનવતા ખાતર પણ જીએસટીનો અમલ દોઢ વર્ષ સુધી મોકૂફ રાખો. અનામતના મુદ્દે કોઇ રાજકારણ ના થવું જોઇએ. ગુજરાતમાં બિનઅનામત સમાજ માટે ૨૫ ટકા અનામતની જોગવાઇ કરતો કાયદો પસાર કરો અને દિલ્હી સરકાર તેને બહાલી આપે. જીએસટી અને નોટબંધીના મુદ્દે ભાજપ અને મોદી સરકારને આડા હાથે લેતાં બાપુએ જણાવ્યું કે, જીએસટીના કારણે ગુજરાતની આર્થિક રાજધાની સુરત બેહાલ બન્યું છે.

આશરે પંદર લાખ પરપ્રાંતીય કારીગરો સુરતમાંથી જતા રહ્યા છે, તો અન્ય પંદર લાખ કારીગરો બેકાર બન્યા છે. જીએસટીના લીધે ઉદ્યોગો મંદીના ખપ્પરમાં અને ત્રાહિમામ્ પોકારી શટરો પાડી રહ્યા છે. અર્થ વગરની નોટબંધીએ બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉદ્યોગને મરણતોલ ફટકો માર્યો છે. કાયદા અને કર પ્રજાની સુખાકારી અને કલ્યાણ માટે હોવા જોઇએ, તેમને ગળેટૂંપો દેવા માટે નહી. દોઢ વર્ષ સુધી જીએસટીનો અમલ મોકૂફ રાખવાની માંગણી કરતાં વાઘેલાએ જણાવ્યું કે, જીએસટી મોકૂફ રાખવાથી સરકારની આવકમાં બહુ ફેર નહી પડે અને ફેર પડે તો, જાહેરાતો પાછળ ઓછો ખર્ચ કરે. પેટ્રોલ-ડિઝલ પરનો વેટ-એક્સાઇઝ ઘટાડી તેના ભાવો સરકારે સસ્તા કરવા જોઇએ. શંકરસિંહ વાઘેલાએ ગુજરાતના લોકોની વેદના પરત્વે સંવેદના વ્યકત કરતાં જણાવ્યું કે, મારા ચૂંટણી પ્રવાસ દરમ્યાન મેં જોયું કે, લોકો ભાજપ-કોંગ્રેસથી પરેશાન છે અને તેમના પ્રશ્નો, વેદનાને વાચા આપવા અને તેમના આંસુ લૂછવા માટે બાપુના જન વિકલ્પ મોરચો જ સક્ષમ છે, તેવી શ્રધ્ધા રાખીને બેઠા છે. ખેડૂતોની લાગણી જાણતાં તેમણે જણાવ્યું કે, સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપવાની જરૂર છે અને તે પણ તાલુકા કક્ષાએ ખરીદ કેન્દ્રો ઉભા કરીને. ખેડૂતોની જેમ બેરોજગાર યુવાનો પણ અંધકારમાં ગરકાવ છે પરંતુ જો જનવિકલ્પ મોરચાની સરકાર બનશે તો, ૧૦૦ દિવસમાં જ તેઓને રોજગારી અપાશે.



વન વિભાગ દ્વારા રાજયભરમાં દર સાલ તા. ૨જીથી ૮ ઓક્ટોમ્બર સુધી વન્યજીવ સપ્તાહ યોજવામાં આવે છે જેને પગલે આજે જિલ્લા વન વિભાગ દ્વારા સેક્ટર-૩૦ સર્કલ પાસે આવેલ વનચેતના કેન્દ્રમાં કિસાન શિબિરનું આયોજન કરાયું હતુ. જેમાં બોરીજ રેન્જના ૨૦ ગામડાઓના સરપંચ તેમજ વનવિભાગના કર્મચારીઓ વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધનના વિષયો પર વન વિભાગના અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

# નરેન્દ્ર મોદી સામેની ઝાકિયા જાફરીની અરજીને ફગાવાઈ

## મોદી સહિતના મહાનુભાવોને કલીનચિટ્ આપતાં સીટના રિપોર્ટને પડકાર્યો હતો : લાર્જર કોન્સ્પીરેસીનો પણ ઇન્કાર

અમદાવાદ,તા. ૫

ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચાવનાર ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં આ હત્યાકાંડમાં માર્યા ગયેલા કોંગ્રેસના પૂર્વ સાસંદ એહસાન જાફરીના વિધવા ઝાકીયા જાફરીએ સીટના કલોઝર રિપોર્ટને પડકારતી હાઇકોર્ટમાં કરેલી રિવીઝન અરજી ગુજરાત હાઇકોર્ટે આજે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. હાઇકોર્ટે મોદી સહિતના મહાનુભાવોને કલીનચિટ્ આપતાં સીટના કલોઝર રિપોર્ટને પડકારતી રિવીઝન અરજી ફગાવવાની સાથે સાથે ગુલબર્ગ હત્યાકાંડને લાર્જર કોન્સ્પીરેન્સી માનવાનો પણ સાફ ઇનકાર કરી દીધો હતો. જો કે, હાઇકોર્ટે ગુલબર્ગ કેસમાં નવેસરથી તપાસના મામલે સંબંધિત કોર્ટ સમક્ષ અરજી કરવા ઝાકીયા જાફરીને પરવાનગી આપી હતી. હાઇકોર્ટે સીટની તપાસને માન્ય રાખી હતી. ચકચારભર્યા ગુલબર્ગ હત્યાકાંડના આ મામલાની વિગતો એવી છે કે, ગુલબર્ગ હત્યાકાંડ કેસ સંદર્ભે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, અન્ય રાજકીય નેતાઓ-આગેવાનો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ૬૭ જણાં સામે એફઆઇઆર દાખલ કરવા અગાઉ ઝાકીયા જાફરીએ રાજયના ડીજીપીને અરજી કરી હતી. જો કે, ડીજીપીએ તેમની આ અરજી ગ્રાહ્ય રાખી ન હતી. જેને પગલે ઝાકીયા જાફરીએ મોદી સહિતના મહાનુભાવો વિરુધ્ધ એફઆઇઆર દાખલ કરાવવા માટે ગુજરાત હાઇકોર્ટમાં રિટ અરજી કરી હતી. પરંતુ હાઇકોર્ટે પણ તેમની આ રિટ અરજી ફગાવી દીધી હતી અને જણાવ્યું હતું કે, જો પોલીસ દ્વારા આ મામલે એફઆઇઆર દાખલ ના કરવામાં આવતી હોય તો અરજદાર ઝાકીયા જાફરી સંબંધિત કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરી શકે છે. એ પછી ઝાકીયા જાફરીએ સુપ્રીમકોર્ટમાં આ સમગ્ર મુદ્દે પિટિશન દાખલ કરી હતી.

જેમાં સુપ્રીમકોર્ટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમને ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં તપાસ કરવાનો હુકમ કર્યો હતો. સીટના અધિકારીઓએ તપાસના અંતે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર, મેટ્રોપોલીટન કોર્ટમાં ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં કલોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો. જેની સામે ઝાકીયા જાફરીએ પોતાની વાંધા અરજી રજૂ કરી હતી, જેને કોર્ટે ફગાવી દઇ સીટના કલોઝર રિપોર્ટને ગ્રાહ્ય રાખ્યો હતો. સીટના આ કલોઝર રિપોર્ટને પડકારતી રિવીઝન અરજીમાં ઝાકીયા જાફરીએ માંગણી કરી હતી કે, ગુલબર્ગ હત્યાકાંડના સમગ્ર કેસમાં વધુ તપાસ કરાવવામાં આવે અને તેમની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ)ના કલોઝર રિપોર્ટ સામે વાંધાઓ રજૂ કરતી જે વાંધા અરજી અપાઇ હતી, તેને જ ખાનગી ફરિયાદ ગણીને જે તે કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવે.

# એનએસયુઆઈની કોલેજોમાં યાત્રા સરકારની પોલ ખોલે છે

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપને મ્હાત આપવાની વ્યૂહરચનાના ભાગરૂપે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઇ દ્વારા જીએલએસ કોલેજ સહિતની કોલેજમાં મોંઘવારી યાત્રા કાઢી ભાજપના રાજમાં ફી વધારા અને શિક્ષણના વ્યાપારીકરણની પોલ ખોલવામાં આવી હતી. એનએસયુઆઇના સંખ્યાબંધ કાર્યકરો દ્વારા ભાજપ સરકાર વિરોધી અને ફી ઘટાડા અંગેના સૂત્રોચ્ચાર અને નારાઓ લગાવવામાં આવ્યા હતા. બીજીબાજુ, કોંગ્રેસપક્ષનો ભાજપની મોંઘવારી માર સામે વિરોધમાં ઉતારવામાં આવેલો મોંઘવારી રથ શહેરના હાટકેશ્વર સહિતના વિવિધ વિસ્તારોમાં ફર્યો હતો અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં બેનરો, સ્લોગન સાથે જોરદાર વિરોધ વ્યકત કરાયો હતો. ગુજરાત વિધાનસભાની આગામી પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ભાજપને બધી રીતે મ્હાત આપવા કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહી છે. ખાસ કરીને કોંગ્રેસે ખેડૂતો, મહિલાઓ, વેપારી વર્ગ સહિતના વર્ગમાં પોતાની રીતે પ્રચાર-પ્રસારની વ્યૂહરચના અમલી બનાવી છે તો, રાજયના યુવા મતદારોને આકર્ષવા અને તેમના મત હાંસલ કરવા કોંગ્રેસે સૌપ્રથમવાર એનએસયુઆઇને જવાબદારી સોંપી છે.



આશા વર્કરની મહિલાઓએ અમદાવાદ કલેક્ટર ઓફિસ નજીક ધરણા યોજ્યા હતા અને જુદી જુદી માંગણીઓને લઈને દેખાવો કર્યા હતા.

## ફિફા વર્લ્ડકપ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

યજમાન ટીમ હોવાના કારણે ભારતને ટુર્નામેન્ટમાં એન્ટ્રી મળી ગઈ છે. અલબત્ત ટીમ સંપૂર્ણપણે તૈયાર છે અને જોરદાર મહેનત કર્યા બાદ દુનિયાની ૨૪ દિગ્ગજ ટીમો માટે પોતાની દાવેદારી રજૂ કરશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચમાં આવતીકાલે અમેરિકા સામે રમશે. ત્યારબાદ ભારત પોતાની અન્ય મેચ ૯મી ઓક્ટોબરે કોલંબિયા સામે, ૧૨મી ઓક્ટોબરે ઘાના સામે રમશે. ભારતીય ફૂટબોલ માટે આ ક્ષણ ખુબ જ ઐતિહાસિક બની રહેશે. દુનિયાની ૨૪ ટીમો વચ્ચે ફિફા-૧૭ જંગ ખેલાનાર છે. ભારત પણ પ્રબળ દાવેદાર તરીકે ઘરઆંગણે ઉતરશે. અલબત્ત ભારતીય ટીમ ફેવરિટ તરીકે દેખાઈ રહી નથી પરંતુ ટીમ સ્થાનિક અને સ્થાનિક પરિસ્થિતિમાં લાભ ઉઠાવવા માટે પ્રયાસ કરશે. જાણકાર લોકો માની રહ્યા છે કે, જો ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવામાં સફળ રહેશે તો આંતરરાષ્ટ્રીય મંચ ઉપર સૌથી વધારે રમાતા ફુટબોલનું ચિત્ર ભારતમાં બદલાઈ શકે છે. ટીમ ઈન્ડિયા પાસેથી આવી જ અપેક્ષા રાખવામાં આવી રહી છે. વિશ્વકપનું યજમાનપદ મળ્યા બાદથી જ ટીમ ઈન્ડિયા જોરદાર તૈયારી કરી રહી હતી. ભારતીય ટીમે લાંબા સમય સુધી યુરોપમાં તૈયારી કરી છે. અનેક ક્લબની સાથે તૈયારીઓ કરી છે. ભારતીય ટીમે જર્મની, સ્પેન, દુબઈ, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલનો પ્રવાસ કર્યો છે. આ ઉપરાંત એએફસી અન્ડર-૧૬ ચેમ્પિયનશીપ, એઆઈએએફ યુથ કપ, અન્ડર-૧૭ બ્રિક્સ ટુર્નામેન્ટમાં પણ રમવાનો અનુભવ લીધો છે. ભારતીય ટીમ અમરજીતસિંહના નેતૃત્વમાં મેદાનમાં ઉતરી રહી છે. આવતીકાલથી શરૂ થતી આ સ્પર્ધાનું આયોજન ફિફા દ્વારા કરવામાં આવ્યું છે. ૨૮મી ઓક્ટોબર સુધી સ્પર્ધા ચાલશે. ૨૪ ટીમો આમા મેદાનમાં ઉતરી રહી છે. ભારત દ્વારા ફિફા ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવતા ચાહકો રોમાંચ અનુભવી રહ્યા છે. ૨૦૧૩ બાદથી અન્ડર-૧૭ વિશ્વકપનું આયોજન કરનાર ભારત પ્રથમ એશિયન દેશ બનવા જઈ રહ્યું છે.

## રાહતની જાહેરાત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યુબિલી સેલિબ્રેશનમાં ગગડી રહેલી અર્થવ્યવસ્થાને લઈને થઈ રહેલી ટિકાઓના જવાબો આપ્યા હતા. આ દરમિયાન ભાજપ પ્રમુખ અમિત શાહ કેરળ યાત્રા અધવચ્ચે ટુંકાવીને દિલ્હી પહોંચ્યા હતા. મોદીએ બંને નેતાઓ સાથે વિસ્તારપૂર્વક બેઠક યોજી હતી. આ બેઠકમાં અર્થતંત્રની સાથે સાથે ગુજરાત ચૂંટણી અને જીએસટી કાઉન્સિલને લઈને ચર્ચા કરી હતી. ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા અને અરુણ શૌરી પોતાની સરકાર પર અર્થતંત્રને લઈને પ્રહાર કરી રહ્યા છે. વડાપ્રધાન પોતાના સંબોધનમાં મહાભારતના પાત્ર સલ્ય સાથે સરખામણી પરોક્ષરીતે આના ઉપર નેગેટિવ સમાચાર ફેલાવવાને લઈને કરી હતી. આના પર યશવંતસિંહાએ આના પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ સલ્ય નહીં પરંતુ ભીષ્મ તરીકે છે. બીજી બાજુ આ વર્ષના અંતમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી થનાર છે. અહીં જીએસટીને લઈને વેપારી વર્ગ ભાજપથી ખુબ જ નિરાશ છે. મોદીની બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. જીએસટીને લઈને વેપારીઓને કોઈ મોટી રાહતની જાહેરાત કરવામાં આવી શકે છે. ગઈકાલે જ આના સંકેત મળી ગયા હતા.

## તાજપોશી....

● અનુસંધાન પહેલાનું ચાલુ

અખિલેશ યાદવે ચૂંટણી પંચની મહેતલને ધ્યાનમાં લઈને કારોબારીની બેઠક બોલાવી હતી. મોલ રોડ પર મોટી સંખ્યામાં બેનરોને મંજુરી મળી ગઈ હતી. પાર્ટીના અધિકારી રામગોપાલ યાદવ દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. આ પહેલા જ અખિલેશે ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને જાહેરાત કરી હતી કે તેમના કાકા શિવપાલ યાદવે તેમને ફોન કરીને અધ્યક્ષ બનવા બદલ શુભેચ્છા પાઠવી દીધી છે. પિતા મુલાયમસિંહના આશીર્વાદ પણ તેમની સાથે રહેલા છે. બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય પણ કરવામાં આવનાર છે. આ બેઠક કેટલીક રીતે ઐતિહાસિક સાબિત થનાર છે. અખિલેશની આગામી પાંચ વર્ષ માટે પાર્ટી પ્રમુખ તરીકે વરણી કરવામાં આવતા ફરી પાર્ટી પ્રમુખ બનવાની મુલાયમની તમામ આશા પર પાણી ફરી વળ્યુ છે. યાદવ સાથે કોઈ બાંધછોડ કરવા માટે શિવપાલે પૂર્વ શરત તરીકે પાર્ટી પ્રમુખ તરીકે મુલાયમને જવાબદારી સોંપવાની વાત કરી હતી. જો કે ફગાવી દેવામાં આવી છે. અખિલેશ અને રામગોપાલ મુલાયમની વિરુદ્ધમાં છે. જ્યારે શિવપાલ મુલાયમની સાથે છે. બન્ને જુથ તરફથી વલણને હળવુ કરવાના કોઈ સંકેત આપ્યા નથી.

## શાંત નહી રહેવાય....

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે રહી ચુકેલા યશવંતસિંહાએ પીએમના સલ્યવાળા દાખલ પર કહ્યું હતું કે, મહાભારતમાં દરેક પ્રકારના પાત્રો છે. તેમણે ઉમેર્યું હતું કે, સલ્ય કૌરવોની તરફેણમાં કેમ ગયા તે બાબત પણ તમામ લોકો જાણે છે. નકુલ અને સહદેવના મામા સલ્ય દુર્યોધનની જિદ્દી વલણથી શિકાર થયા હતા. મહાભારતમાં વધુ એક સારા પાત્ર ભીષ્મપિતામાહ પણ છે. તેમને આજે પણ ઈતિહાસમાં દ્રોપદીના ચિરહરણ વેળા મૌન રહેવા બદલ દોષિત ગણવામાં આવે છે. અર્થવ્યવસ્થાના ચિરહરણ વેળા તેઓ ખામોશ રહેવા ઈચ્છુક નથી. પીએમે ઈપીએફમાં વધુ લોકો સામેલ થયા છે તે અંગે પણ સિંહાએ જવાબ આપ્યા હતા. પૂર્વ નાણામંત્રીએ કહ્યું હતું કે, તેઓ કોઈ સલાહ આપવા ઈચ્છુક નથી અને આના માટે તેઓ સક્ષમ પણ નથી. નાણામંત્રી તરીકે ન રહ્યા હોત તો સલાહ ચોક્કસપણે આપી હોત.

## પાક ઉત્પાદનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને વીમા કંપનીને રજુઆત કરવા જણાવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં માણસા અને દહેગામ તાલુકામાં કપાસના પાકમાં સુકારો જોવા મળી રહ્યો છે એટલુ જ નહિ દિવેલાના પાકમાં પણ ઘોડિયા ઈયળનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે જે પાકને નુકશાન પહોંચાડી રહી છે.

જિલ્લામાં કપાસનું વાવેતર ૨૪ હજાર હેક્ટરમાં અને દિવેલાનુ વાવેતર ૨૭ હજાર હેક્ટરથી પણ વધુ થયુ છે. જિલ્લાના આ બે મુખ્ય પાકમાં રોગચાળાની સ્થિતિને લઈ ઉત્પાદન પર પણ વિપરીત અસરો પડવાની સંભાવના થતાં ખેડૂતોમાં ભય અને ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

કિસાન સેનાના શિવરામભાઈ ચૌધરીએ ખેડૂતોને વીમા કંપનીએ તાત્કાલિક સર્વે કરી અને વળતર ચુકવવુ જોઈએ તેવી માંગણી કરી છે. ખેડૂતો પાસેથી મોટા પ્રિમીયમ વસુલવામાં આવ્યા છે અને હવે વીમા કંપનીઓ જો તાત્કાલિક આ દિશામાં યોગ્ય નહિ કરે તો ખેડૂતોને આંદોલન કરવાની ફરજ પડશે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં માણસા અને દહેગામ પંથકમાં સામાન્ય કરતાં પણ વધુ વરસાદ નોંધાયો છે જે ઉલ્લેખનીય છે.

## ગૌરવ યાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોર્પોરેશનના તંત્ર માટે પણ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. ત્યારે બીજીતરફ ભાજપની ગૌરવ યાત્રાના આગમનની વાતના અનુસંધાને ડમ્પીંગ સાઈટના વિરોધના મુદ્દાને હાલપુરતો ડામવા માટે સ્થાનિકોને લોલીપોપ પકડાવી દેવામાં આવી હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે.

વિધાનસભાની ચુંટણી હવે માથે છે. ત્યારે સ્થાનિક કક્ષાએ વિકાસની રાજનીતીને કેન્દ્ર સ્થાને રાખવાના અભિગમ સાથે ભાજપની ગૌરવ યાત્રા હાલ ધુમી રહી છે. ગૌરવયાત્રા આગામી તા ૮ ઓકટોબરના રોજ પેથાપુરમાં આવશે. આ તબક્કે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ પણ ઉપસ્થિત રહેશે. એકબાજુ પેથાપુરના સ્થાનિકો દ્વારા લેન્ડ ફિલ્ડ સાઈટના મામલે રસ્તા રોકો આંદોલનનુ એલાન કરાયુ હતુ. પરંતુ ભાજપના નેતાની દરમિયાનગીરીથી લેન્ડ ફિલ્ડ સાઈટ રદ કરવાની ખાતરીના અંતે આંદોલન મોકુફ રાખવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે આ મુદ્દે સ્થાનિકોને ગૌરવ યાત્રા સાચવી લેવા પુરતી ચોકલેટ પકડાવી દેવાઈ હોવાનો ગણગણાટ પણ પ્રવર્તયો છે. ડમ્પીંગ સાઈટના મામલે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કક્ષાએથી કલીયરન્સ પણ આપી દેવાયુ હોવાનુ મનાઈ રહયુ છે. ત્યારે પેથાપુરમાં ડમ્પીંગ સાઈટના વિવાદનો મુદ્દો હજુ શમ્યો ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

## લેવલ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનુ પણ મનાઈ રહયુ છે. કેમ્બર પેટર્ન માર્ગોનુ યોગ્ય લેવલીંગ જાળવવા માટે જરૂરી છે. પરંતુ આ પેટર્ન મુજબ માર્ગો આસપાસ પાણીના નિકાલની પુરતી જગ્યા હોવી પણ જરૂરી છે. અલબત્ત માર્ગો કરતા પેવર બ્લોકનુ લેવલ ઉંચુ હોવાના લીધે માર્ગ નિર્માણ પાછળ થતા કરોડોના ખર્ચના અંતે સરકારના આ ખર્ચ પર પાણીઢોળ ન થાય તે માટે માર્ગ નિર્માણમાં લેવલીંગ જળવાય તેવા પરિબળોને ધ્યાને લેવા માટે પણ જાગૃત નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

## મહાસભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરના સે. ૧૧ ખાતે રામકથા મેદાનમાં લાખોની જનમેદનીની ઉપસ્થિતિમાં અલ્પેશ ઠાકોર મહાસભા સંબોધીને કયાં પક્ષમાં જોડાશે તેની વિધીવત જાહેરાત કરનાર છે. સે. ૧૧ રામકથા મેદાનની માંગણી કરવામાં આવી છે. પરંતુ પોલીસતંત્ર દ્વારા હજુ આ કાર્યક્રમને મંજુરી આપવામાં આવી નથી.

## પ્રમુખની ચૂંટણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમુખને હોદ્દો છોડવા જણાવ્યુ હતુ અને પક્ષના આદેશને સ્વીકારી તેમણે હોદ્દા પરથી રાજીનામુ પણ ધરી દીધુ હતુ.

દહેગામ તાલુકા પંચાયતને બચાવવા કોંગ્રેસ પક્ષે પણ એડીચોટીનું જોર લગાવી દીધુ છે. દહેગામ કોંગ્રેસમાં હમણાં પડેલા ગાબડાઓ પછી પક્ષ હવે ગંભીરતાથી આ દિશામાં કઈ રણનીતિ ઘડવી તે માટે વિચારણા કરી રહેલ છે.

કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ માટે એકાદ-બે દિવસમાં જ નીરીક્ષકોની નિમણુંક કરી સભ્યોના મન જાણી અને પ્રમુખની પસંદગી કરવામાં આવશે.

## હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છીએ... એની આ ભાંજગડ છે..!! પક્ષ કરતાં કોઈ મહાન ના હોય..!! એ સુત્રને સ્વીકારીને ચાલીએ તો અમેરીકા ને ઈંગ્લેન્ડ જેવી લોકશાહીનું માળખું અહીં પણ બનાવી શકીએ..!! ચૂંટણીઓ તો કાલ પતી જશે..! સ્પષ્ટ વિચારો ને શુદ્ધ આચાર રાજનીતિમાં લાવી શકાશે તો જ લોકશાહી પર્વની સાચી ઉજવણી કરી ગણાશે..!!'' - **નિમિત્ત માત્ર**